# સુ. શ્રી. મહાશ્વેતાબેન વૈદ્યે ૭૫ વર્ષ પૂર્ણ કરતાં અમૃત મહોત્સવ ઉજવાયો




જૂનાગઢનાં જ્ઞાતિ અને સમાજસેવિકા સુ. શ્રી મહાશ્વેતાબેન વૈદ્યએ તાજેતરમાં ૭૫ વર્ષ પૂર્ણ કરતાં અમૃત મહોત્સવ ઉજવવામાં આવ્યો. જીંદગીની આ સફરમાં તેઓની કારકિર્દી અને સામાજીક ઉત્થાનમાં મૂલ્યવાન પ્રદાન સાથે મેળવેલ માન-સન્માનની આ તકે નોંધ લેવા જેવી છે...

મહાશ્વેતાબેનનો જન્મ ૧-૧૧-૧૯૩૭. તેઓએ બી.એ.(બહાઉદ્દીન કોલેજ જુનાગઢ-૧૯૫૮) એમ.એસ. ડબલ્યુ(ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોસીયો સાયન્સ મુંબઈ-૧૯૫૮-૬૦) ડીપ્લોમા ઈન યુથ ડેવલપમેન્ટ(કોમનવેલ્થ, લંડન-૧૯૭૭ ભારત સરકાર તરફથી) શિક્ષણ મેળવ્યું.

૧૯૫૫ થી ૧૯૫૮ દરમ્યાન (૧) શ્રીમતિ પુષ્પાબેન મહેતાના માર્ગદર્શન નીચે મહિલા સમાજમાં કન્ડેન્સ કોર્સ તથા સિવણની તાલીમ આપી વિધવા ત્યકતા બહેનોને પગભર કર્યા. (૨) પોલીસ હેડ કવાર્ટર્સ જુનાગઢમાં પોલીસ પરિવારના બહેનોને ઔદ્યોગિક શિક્ષણ અને માતૃત્વ-બાળ કલ્યાણની યોજનાઓ માટે પોલીસ વેલ્ફેર સેન્ટરની શરૂઆત કરાવી પ્રવૃતિઓનો પ્રારંભ કર્યો. (૩) ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી જુનાગઢ બ્રાન્ચમાં રેડક્રોસ પ્રમુખ સ્વ. જીવાભાઈ બુચના માર્ગદર્શન નીચે બહેનોને સિવણની તાલીમ આપી આત્મનિર્ભર કર્યા.

૧૯૬૦-૧૯૭૨ દરમ્યાન રાજપીપળા ખાપે સમાજ શિક્ષણ અધિકારી તરીકે ૧૯૬૦ થી ૧૯૭૩ સુધી કામગીરી કરી. ૧૯૬૧માં નવાગામ ડેમ સાઈટ નકકી થતાં ત્યાં નર્મદા યોજના માટેની કામગીરીની શરૂઆત તે વખતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂના શુભ હસ્તે પ્રારંભ કરાયેલઅને ડેમ વિસ્તારમાં આવતા અસરગ્રસ્ત આદિવાસીઓનાં પુનઃવસવાટ માટેની કાર્યવાહી કરી. આ ઉપરાંત આદિવાસીઓ માટે વૃધ્ધાશ્રમ,બાલવાટિકા તેમજ અનાજ બેંક (ગ્રેન બેંક) અને નિરાધાર વૃધ્ધ સહાય તેમજ વૃધ્ધ પેન્શન યોજના તેમજ દવાઓની મફત સહાય યોજના તાલુકા પંચાયતના સ્વભંડોળમાંથી કરાવી. વડોદરા સિવિલ હોસ્પિટલ અને વડોદરા મેડીકલ કોલેજની મદદથી જંગલ વિસ્તારમાં ગરીબ આદિવાસીઓ માટે મેન્સર,અલ્સર અને આંખના રોગ માટેનાં કેમ્પો યોજી આરોગ્ય અને તબીબી સારવારની સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવી.

૧૯૬૮ માં નર્મદા નદીમાં ભયંકર રેલી આવી ત્યારે આસપાસના ગામમાં રેલને કારણે અનેક કુટુંબો બેઘર બનતાં મુંબઈ, ઉપ-નગર રીલીફ ફંડનાં મુખ્ય વહીવટકર્તા બહેનશ્રી મણીબેન નાણાવટી તેમજ પૂ.રવિશંકર મહારાજના સહયોગથી પુર્નવસવાટ માટે પાંચહજાર કુટુંબોના મકાન બાંધી આપ્યા અને કાયમી વસવાટ માટે જરૂરી ચીજ-વસ્તુઓ લઈ પણ આપી.ભરૂચ તથા સુરત જીલ્લાના તદ્દન પછાત અને જંગલ વિસ્તારનાં આદિવાસી કુટુંબોની દિકરીઓ માટે કન્યા છાત્રાલય અને શિક્ષણ સુવિધા ઉપલબ્ધ કરાવી. ૧૯૭૩-૧૯૯૩ દરમ્યાન જુનાગઢ ખાતે ખેડૂત તાલીમ કેન્દ્ર શરૂ કરાવી ખેતીવાડીના ક્ષેત્રે ખેડૂત મહિલાઓને માર્ગદર્શન અને સુધરેલી ખેતી પદ્ધતિ વિશે જાણકારી અપાવી, નેધરલેન્ડની મહિલા ખેડૂત અંગેની યોજના મંજુર કરાવતાં કૃષિ મહિલા કેળાઓ અને કૃષિ મહિલા તાલીમનું કાર્ય આજ પર્યંત ચાલી રહયું છે. ૧૯૭૬ થી ભારત સરકારનાં માનવ વિકાસ અને સંસાધન મંત્રાલય દ્વારા નેહરૂ યુવક કેન્દ્રની સૌ પ્રથમ યોજનાનો ગુજરાત રાજયમાં આણંદ, ભુજ,

સુરેન્દ્રનગર અને જુનાગઢમાં પ્રારંભ થયો. જેનો કાર્યભાર સંભાળી ગામડાનાં શિક્ષણથી વંચિત વિદ્યાર્થી યુવક-યુવતીઓને સ્વરોજગારની તેમજ લશ્કરી તાલીમ અપાવી સ્વનિર્ભર બનાવી ૧૯૬ જેટલા યુવક મંડળો તથા ૧૯૦ જેટલા મહિલા મંડળો રચી ગ્રામ્ય વિસ્તારમાં સશકિતકરણ કરાવ્યું. તે સમયમાં ગુજરાતમાંથી એક પણ યુવક લશ્કરમાં જોડાતો નહી ત્યારે ૧૫૯૦ જેટલા ગ્રામ્ય યુવાનોને તાલીમ અપાવી સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લશ્કરમાં મોકલ્યા.

પોરબંદરની મેર જ્ઞાતિના ખુન-ખરાબીમાં રાચતા યુવકોને એકત્રિત કરી સાંસ્કૃતિક મંડળની રચના કરી જેનો દિલ્હી ખાતે સૌ પ્રથમ કાર્યક્રમ રજૂ થયા બાદ પરદેશમાં પણ આ મંડળી આજે સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરે છે. આમ યુવા શકિતને યોગ્ય દિશા બક્ષી. જુનાગઢ જીલ્લાના અનેક નાના ગામોમાં હાઈસ્કૂલ શરૂ કરાવતાં સ્થાનિક કન્યાઓ સરળતાથી માધ્યમિક શિક્ષણ મેળવી ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રેરાઈ.

જુનાગઢનાં આરઝી હકુમતના પ્રથમ મહિલા કાર્યકર શ્રીમતિ પુષ્પાબેન મહેતાનું નામ જુનાગઢમાં કાયમ રહે તે માટે સંસ્થાએ દરેક મહિલા મંડળ પાસેથી બચત રકમ એકત્ર કરી "શ્રીમતી પુષ્પાબેન મહેતા હોલ" તેમજ આ હોલ ઉપર "શ્રમિક મહિલા ભવન"ના નિર્માણ દ્વારા ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ જુનાગઢમાં રહીને ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તેવી તથા અપંગ બહેનો માટે નિવાસની સુવિધા ઉપલબ્ધ કરાવી.

અંગત આવકમાંથી મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટની રચના કરી બાળકો માટે 'પરિશ્રમાલય' ઉભું કર્યુ છે. જેમાં અસંખ્ય મંદબુદ્ધિનાં બાળકો પોતાના હાથનો કસબ કેળવીને રોજી રોટી મેળવી રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપી રહયાં છે. ઉપરાંત ગુજરાત ગ્રામવિકાસ ખાતા દ્વારા અને યુનિસેફની મદદથી જુનાગઢ જીલ્લાના પ્રોગ્રામનો સર્વે રીપોર્ટ તેમજ પંચાયતી રાજમાં 'મહિલાઓની ભૂમિકા' અંગેનો રીપોર્ટ વર્ષ ૧૯૯૨માં તૈયાર કર્યો.

મહાશ્વેતાબેન વૈદ્યએ તેમની કારકિર્દી દરમ્યાન અનેક એવોર્ડ મેળવ્યા...જેમાં ૧૯૯૭માં સરદાર પટેલ ફાઉન્ડેશન તરફથી "શ્રેષ્ઠ સામાજીક કાર્યકર" તરીકેનો એવોર્ડ, ૧૯૯૯માં ઈન્ટરનેશનલ રોટરી ફાઉન્ડેશન દ્વારા "પોલ હેરીસ ફેલો" એવોર્ડ તથા શ્રી મહીપતરામ આશ્રમ- અમદાવાદ દ્વારા પિડીત મહીલાઓના ઉદ્ધારક માટે "શ્રેષ્ઠ મહીલા" તરીકેનો, ૨૦૦૧માં ઈન્ટરનેશનલ રોટરી દ્વારા"સર્વિસ એબાઉ સેલ્ફ",વર્ષ ૨૦૦૪માં સામાજીક દૂષણો દૂર કરવા માટે "રેડ એન્ડ વ્હાઈટ બ્રેવરી" એવોર્ડ, વર્ષ ૨૦૦૭માં સરગમ કલબ રાજકોટ દ્વારા "શ્રેષ્ઠ નારી રત્ન" એવોર્ડ અને તાજેતરમાં જ તા. ૩૧/૧૨ના રોજ અમદાવાદ સ્ત્રી કેળવણી મંડળ દ્વારા પૂ. અધ્યાત્માનંદજી તથા સ્ત્રી કેળવણી મંડળના અધ્યક્ષ વસુબેન ભટ્ટની ઉપસ્થિતિમાં પૂ. મોરારીબાપુના હસ્તે વિશિષ્ઠ સામાજીક એવોર્ડનો સમાવેશ થાય છે. (ફોટામાં મહાશ્વેતાબેન એવોર્ડ સ્વીકારતાં દ્રષ્ટિગોચર થાય છે)

આ ઉપરાંત તેઓ અનેક સંસ્થાઓમાં હોદા સાથે સંકળાયેલાં છે...જેમાં પ્રમુખ-જુનાગઢ જીલ્લા મહીલા મંડળ, સભ્ય-મહીલા ઔદ્યોગિક સહકારી મંડળી - જુનાગઢ, સભ્ય - જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સભ્ય-રોટરી કલબ જુનાગઢ, સભ્ય- મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ-જુનાગઢ, કન્વીનર- એમ.સી.એચ. સેન્ટર ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી- જુનાગઢ, સભ્ય ગુજરાત રાજય ગ્રામ વિકાસ બોર્ડ, નોમીનેટેડ મેમ્બર- રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ,સભ્ય - (જુનાગઢ જીલ્લા માટે) ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, આજીવન સભ્ય-"ઈન્ટેક" (ઈન્ડીયન નેશનલ ટ્રસ્ટ ઓફ આર્ટ એન્ડ કલ્ચરલ હેરીટેજ) ૧૧ સભ્ય - વિશ્વ ગુજરાતી પરિષદ -અમદાવાદનો સમાવેશ થાય છે. તેઓએ મલેશિયા, સિંગાપુર, ઈન્ડોનેશિયા અને શ્રીલંકા જેવા વિદેશના શૈક્ષણિક પ્રવાસો પણ ખેડેલ છે.

જ્ઞાતિ વતી મહાશ્વેતાબેનને શતમ્ જીવઃ શરદની શુભકામના પાઠવીએ.

**વિશ્વાસ એવા ઉપર મુકો જે મુકયા પછી તમારો શ્વાસ અધ્ધર ન રહે .**

# --- લગ્ન વિષયક જાહેરાત ---

**માહિતી મેળવવા માટેના ફોન નંબર : ૦૨૮૧-૨૪૫૩૦૬૩**

**સમય : બપોરે : ૧૨ થી ૧ રાત્રે ૮ થી ૯**

**યુવતીઓ :** (૧) એમ.કોમ., જ. ૯/૧૯૭૮, ઉંચાઈ ૫'.૧',મુંબઈ ખાતે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૨-

(૨) બી.કોમ., એલએલ.એમ., જ. ૧૯૮૩, ઉંચાઈ ૫'.૩" એડવોકેટ તરીકે પ્રેકટીસ કરતી બૈજવાપસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧) એમ.એ.,બી.એડ, જ. ૮/૧૯૮૨, ઉંચાઈ ૫'.૩" નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૩) એમએસઆઇટી., જ. ૨/૧૯૮૨, ઉંચાઈ ૫'.૭" ગાંધીનગર ખાતે ટીસીએસ. કંપનીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૪) ધો. ૧૦, જ. ૧૧/૧૯૮૧, ઉંચાઈ ૫'.૭" શાર્કવસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-મો.

(૫) બી.એસસી., પીજીડીએમએલટી., જ. ૧૨/૧૯૮૮, ૫'.૫" ઉંચાઈની લેબ. ટેક. તરીકે નોકરી કરતી કાપિષ્ટસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-મો.

(૬) એમ.એ., જ. ૧૧/૧૯૮૩, ઉંચાઈ ૫'.૪" ટ્યુશન કરતી ઔક્ષણસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮-મો.

(૭) બી.એસસી., ડીએમએલટી., ડીસીએસ., જ. ૧૨/૧૯૮૧, ઉંચાઈ ૫'.૪" લેબ. ટેક. તરીકે નોકરી કરતી, કાશ્યપસ ગોત્રની (મંગળ) કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૮) બી.ઇ.(સીઇ) જ. ૧૯૮૩, ઉંચાઈ ૫'.૩", સીસ્ટમ મેનેજર તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૯) એમ.બી.બી.એસ. (આગળ અભ્યાસ ચાલુ) જ. ૧૨/૧૯૮૫, ઉંચાઈ ૫', ગાંગ્યાનસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧૦) ફાઈન આર્ટસ (ડીપ્લોમા ઈન પેઈન્ટીંગ) જ. ૩/૧૯૮૭(મંગળ) વત્સપાલ ગોત્ર, ચિત્રકામના ટ્યુશન કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

**યુવકો :** (૧૧) બી.ટેક. (કોમ્પ્યુટર) જ. ૧૦/૧૯૮૬, ઉંચાઈ ૫'.૩", પૂના ખાતે સોફટવેર કંપનીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧૨) બી.કોમ.,પીજીડીસીએ., જ. ૧૯૮૭, ઉંચાઈ ૫'.૭" મોરબીનગરપાલિકામાં નોકરી કરતા (મંગળ) યુવકને કન્યા. સંપર્ક : મો.

(૧૩) ડી.ફાર્મ., એમબીએ.,(ચાલુ) જ. ૧/૧૯૮૩, ઉંચાઈ ૫'.૯" ફાર્મા કંપનીમાં એરીયા મેનેજર તરીકે નોકરી કરતા (મંગળ) યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-

(૧૪) બી.ઈ.(ઈસી) જ. ૨/૧૯૮૬ પૂના ખાતે આઈટી કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

(૧૫) બી.કોમ., જ. ૬/૧૯૮૫, ઉંચાઈ ૬' રાજકોટ ખાતે લી. ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

**માનવ જીવન માં અપ્રાપ્તિ કરતાં અતૃપ્તિ વધારે ખતરનામ છે.**

## બેડમિંગ્ટન ટુર્ના.માં ૧૨ ખેલાડીમાં હરિત વસાવડાની પસંદગી



હાલ મીકે. એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા અને અંડર-૮થી બેડમિંગ્ટનમાં નિયમીત વિવિધ રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં ભાગ લઈ વિજેતા બનતા આવેલ અડાલજ ગાંધીનગર સ્થિત હરિત હર્ષદભાઈ વસાવડા ગુજરાત બેડમિંગ્ટન એસોસીએશન દ્વારા આયોજીત ઓપન ગુજરાત બેડમિંગ્ટન ટુર્નામેન્ટમાં 'મેન્સ' વિભાગમાં સીંગલ ઈવેન્ટમાં પ્રથમ બાર ખેલાડીઓમાં સ્થાન મેળવી યશ કલગીમાં ઉમેરો કર્યો છે. અભિનંદન...ખેલતે રહો...ઉત્તરોત્તર વિજેતા બનો !

## સગપણ-સગાઈ :

- જૂનાગઢના અવિનાશ એચ. નાણાવટીનાં પુત્રી નિશલનું સગપણ અમદાવાદ સ્થિત પ્રભાકરભાઈ ધોળકિયાના પુત્ર પ્રિતેશ સાથે.
- જૂનાગઢના જયંત એચ. બુચનાં પુત્રી નિર્ઝરીનું સગપણ અમદાવાદ નિવાસી સુનીલભાઈ કચ્છીના પુત્ર પૂર્વજ સાથે.
- રાજકોટના અર્પિત વસાવડાનું સગપણ રાજકોટનાં જલ્પા દિલીપભાઈ મહેતા સાથે.
- રાજકોટના મહર્ષિ ભૂપેન્દ્રભાઈ સ્વાદિયાનું સગપણ જૂનાગઢનાં નિરાલી સુરેશભાઈ કચ્છી સાથે.
- વડોદરા સ્થિત તેજલ હરેશભાઈ મારૂનું સગપણ વડોદરાના સ્પંદન મધુકરભાઈ બુચ સાથે.
- જૂનાગઢના જયંત હરીકાંતભાઈ બુચનું સગપણ સુનીલભાઈ ધ્રુવકુમાર કચ્છીના પુત્ર પૂર્વજ સાથે.
- જૂનાગઢ સ્થિત ગીરીશભાઈ ઈશ્વરલાલ વસાવડાના પુત્ર નેહલનું સગપણ વાપી સ્થિત સ્વ. પ્રકાશભાઈ અંજારીયાનાં પુત્રી સચી સાથે.
- વડોદરા સ્થિત વાલ્મિકભાઈ જનસુખરાય નાણાવટીના પુત્ર હિતેષનું સગપણ અમદાવાદ સ્થિત યતીશભાઈ ધ્રુવકુમાર બુચનાં પુત્રી અમૃતા સાથે.

## પ્રભુતામાં પગલાં :

- મયુરભાઈ હરભાઈ દેસાઈના પુત્ર ભૂષણના લગ્ન વલસાડ સ્થિત કિરણભાઈ એ. વૈદ્યનાં પુત્રી ધ્વનિ સાથે.
- હિમાંશુભાઈ હરભાઈ દેસાઈનાં પુત્રી નિર્ઝરીનાં લગ્ન મુંબઈ સ્થિત કલ્પેન્દ્રભાઈ કુંદનલાલ દેસાઈના પુત્ર યાત્રિક સાથે.
- વડોદરા સ્થિત મિલીન્દ યોગેન્દ્રરાય ઝાલાના લગ્ન અમદાવાદનાં ત્વરા દેવવ્રત્તભાઈ મહેતા સાથે.
- વડોદરા સ્થિત મુદિત દુષ્યંતભાઈ માંકડના લગ્ન ભાવનગર સ્થિત તર્જની પ્રકાશભાઈ બુચ સાથે.
- મુકેશભાઈ ગજેન્દ્રરાય બુચના પુત્ર મૌલિકના લગ્ન જૂનાગઢના બંકીમભાઈ ગોપાલરાય મજમુદારનાં પુત્રી નુપૂર સાથે.
- જૂનાગઢના ધૈર્યવદન પ્રભુલાલ વસાવડાનાં પુત્રી ડો. રત્નાના લગ્ન રાજકોટના મનોજભાઈ નયનસુખરાય ઓઝાના પુત્ર શૈલ સાથે.
- અમદાવાદ સ્થિત ડો. બંકીમચંદ્ર દિલીપરાય માંકડના પુત્ર ષમિતના લગ્ન સીકકા સ્થિત ઉમેશભાઈ વોરાનાં પુત્રી નુપૂર સાથે.
- વેરાવળ નિવાસી દિનેશભાઈ તથા ભૂપાલી વૈદ્યના પુત્ર પૂરવના લગ્ન જોધપુર નિવાસી અતુલભાઈ-ભારતી બુચનાં પુત્રી નિષ્ઠા સાથે.

**જીવન અરીસા જેવું બનાવો જેમાં સ્વાગત બધાનું પણ સંગ્રહ કોઈનો નહી..**

# સમાચાર સંચય

❀ **રાજકોટ :** શ્રી પરેશભાઈ એમ. વોરા અને શ્રીમતી જયશ્રીબેન વોરા પટાયા, બેંગકોક, સીંગાપોર, કવાલાલમપુર વગેરે સ્થળોના પ્રવાસે જઈ આવ્યા.

❀ શ્રી હરેશ જે. દેસાઈ વે. રેલ્વેની જે. સી. બેંકમાં ૩૮ વર્ષ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી સેવાનિવૃત્ત થયા.

❀ અત્રેના યથાર્થ રાસબિહારી વૈશ્નવને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

❀ અત્રેના ગૌરાંગ ધનવંતરાય વસાવડાના પુત્ર ધવલ વસાવડાએ આઈટીઆઈ રૂરકીથી વર્ષ- ૨૦૧૧માં બી.ટેક.ની પદવી મેળવી.

❀ અત્રેના રણજી ટ્રોફી ખેલાડી અર્પિત વ્યોમેશ વસાવડાએ સૌરાષ્ટ્રની ટીમમાં પસંદગી પામી ઓરીસ્સા, ઉત્તરપ્રદેશ,પંજાબ,કર્ણાટક, મુંબઈ,રાજસ્થાન સામે આ રાજ્યોના જે તે શહેરમાં મેચ રમી ઉત્તમ દેખાવ કર્યો.

❀ ઇ-ટીવી ગુજરાતી અંતર્ગત 'ફલેવર્સ ઓફ ગુજરાત'માં શ્રીમતી ધૃતિ ધોળકિયાએ અગમગીયું અને શ્રીમતી મીતા વૈશ્નવે 'મેથીચીમેડ' બનાવતાં શીખવેલ.

❀ સંગીત નૃત્ય નાટય મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ 'કથ્થક નૃત્ય' શૈલીમાં ઋતુ ધોળકિયાએ પ્રથમ સ્થાન મેળવ્યું.

❀ કુ. કૈરવી દુર્ગેશ વૈશ્નવ બી.એસ.સી.(આઇટી.) ત્રીજાં સેમેસ્ટરમાં ૮૦% સાથે ઉત્તીર્ણ.

❀ મિહિર કૌશિકકુમાર છાયાએ ઈન્ડીયન અસો. ઓફ ફીઝીકસ ટીચર્સના ઉપક્રમે વિક્રમ સારાભાઈ ઈન્સ્ટટયુટ અમદાવાદ ખાતે યોજાયેલ સાયન્સ ઈમેજીનેશન કોમ્પીટીશનમાં ભાગ લઈ રૂા. ૫૦૦/રોકડા તથા પુસ્તક પુરસ્કારમાં મેળવ્યાં. તેઓ નેશનલ સાયન્ટીફીક ઓર્ગે.ની પરીક્ષામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા.

❀ ગત તા. ૧૮/૯ના રોજ નાગર નરસૈયા યુથ કલબ દ્વારા આયોજીત શ્રી ચૈતન્ય અંજારીયા દ્વારા પ્રસ્તુત રફી-મુકેશને શ્રધ્ધાંજલિ અર્પતા કાર્યક્રમની ઓડીયો-વિડીયો સીડી મેળવવા મો. નં. ૯૭૧૪૦૮૮૬૬૬/૯૪૨૯૩૦૫૩૯૭ ઉપર સંપર્ક કરવા જણાવાયેલ છે.

❀ નવાં પાનકાર્ડ કઢાવવા કે તેમાં ફેરફાર કરાવવા સંપર્ક કરો...મિલન ભૂપેન્દ્રભાઈ માંકડ- ૦૨૮૧-૨૪૫૨૮૭૦

❀ કોઈપણ પ્રકારના રોકાણ વગર ફકત સંબંધોના ઉપયોગથી કમાણી કરવા તથા જીવન જરૂરીયાતની બધી જ વસ્તુઓની નાની શોપી ખોલી માત્ર ૧લાખના રોકાણમાં સ્વતંત્ર વ્યવસાય કરવા ફ્રેન્ચાઝી માટે સંપર્ક કરો...મેહૂલભાઈ વૈશ્નવ - મો. ૮૮૬૬૬ ૫૦૨૦૪

❀ ચિ. પ્રિષા નીમિત વસાવડાએ (ઉ. વ. ૪) હાટકેશ ભ્રાતૃ મંડળના કાર્યક્રમમાં સંસ્કૃત શ્લોક સાથે ગણેશ સ્તુતિ રજૂ કરી.

❀ અ.ભા.ના.પરિષદ દ્વારા યોજાયેલ રાસગરબા હરિફાઈમાં અત્રેના દિપશીખા વૃંદે પ્રથમ સ્થાન મેળવ્યું.

❀ **જૂનાગઢ :** શ્રી અનંત ધર્માલય સંસ્થામાં મંત્રી તરીકે ૩૬ વર્ષથી તથા પ્રમુખ તરીકે બે વર્ષથી માનદ સેવા આપતા શ્રી નયનસુખરાય નવરંગરાય કચ્છી (ઉ.વ. ૮૪) તા. ૧/૧/૧૨થી સ્વૈચ્છિક નિવૃત્ત થતાં શ્રી યોગેન્દ્ર દિલીપરાય નાણાવટીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. આ સંસ્થામાં શ્રી મુનીન્દ્ર રમણીકલાલ દેસાઈ સેક્રેટરી તરીકે તથા શ્રી રાજેન્દ્ર જયેન્દ્રલાલ કચ્છી ખજાનચી તરીકે છેલ્લાં ત્રણ વર્ષથી સેવા આપી રહેલ છે.

❀ ગુજરાતી સાહિત્ય પરિષદ ૪૬મા અધિવેશન અંતર્ગત રૂપાયતન-જૂનાગઢ આયોજિત 'મને ગમતા

પાંચ શેર' વિષયક સાહિત્યિક સ્પર્ધામાં એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ફરજ બજાવતાં કુ. નેહા દિનેશભાઈ જોષીપુરાએ ઓપન વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શિલ્ડ તથા પારિતોષીક મેળવ્યાં.

❁ ગુજરાતી સાહિત્ય પરિષદ ૪૬મા અધિવેશન અંતર્ગત રૂપાયતન-જૂનાગઢ આયોજિત શિશુ વિભાગ કાવ્ય પઠનમાં કુ. જીતાક્ષી પ્રણવભાઈ વૈશ્નવે વિજેતા બની શિલ્ડ તથા પુસ્તક અને કેસેટ ભેટમાં મેળવ્યાં.

❁ શ્રી મધુકાન્તભાઈ બચુભાઈ છાયા સપરિવાર -૧૦ ડીગ્રી તાપમાનમાં જમ્મુ-કાશ્મીરના પ્રવાસે જઈ આવ્યા.

❁ શ્રીમતી જલશ્રી પલ્લવ બુચ એમ.કોમ.માં દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયાં અને અમરેલી ખાતે પીજીવીસીએલમાં વિદ્યુત સહાયક તરીકે જોડાયાં.

❁ અત્રેના હેમાંગ ઈન્દ્રેશભાઈ આચાર્યએ તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભમાં વિકલાંગ વિભાગમાં દોડ સ્પર્ધામાં મંગલમૂર્તિ શાળાને વિજયપદક અપાવી મહેસાણા ખાતે ભાગ લઈ આવ્યા.

❁ ડીડી યુનિ. ખાતે આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહેલ શ્રી જટાયુ હર્ષિતભાઈ બક્ષી ૬ દિવસ માટે સી-ડેક પૂના ખાતે યુનિવર્સિટીના કોમ્પ્યુટરાઈઝડ લેંગ્વેજ ટ્રાન્સલેશન પ્રોજેકટ કો-ઓર્ડીનેટર તરીકે પસંદગી પામી સંસ્થા દ્વારા આયોજીત ટ્રેઈનીંગ વર્કશોપમાં ભાગ લેવા પૂના જઈ આવ્યા.

❁ **વેરાવળ** : વેરાવળ પાટણ નાગર પરિવારના ઉપક્રમે ધો. ૧૦-૧૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ શ્રી શિરીષભાઈ વસાવડા તથા શ્રી દિનેશભાઈ વૈદ્યના પ્રમુખસ્થાને યોજાય ગયો. શ્રી શિરીષભાઈને ૭૫ વર્ષ પૂર્ણ થતાં હોઈ તેઓ તરફથી અલ્પાહારનું આયોજન કરાયેલ. શ્રી દિનેશ વૈશ્નવ, મયંક વસાવડા તથા મનોજ દેસાઈની જહેમતથી કાર્યક્રમ સફળ બની રહેલ.

❁ અત્રેના પૂરવ વૈદ્ય અત્રે વડોદરા ખાતે એલએન્ડટી કંપનીમાં સિનીયર વેલ્ડીંગ એન્જીનીયર તરીકે જોડાયા.

❁ અત્રેના મયંક વસાવડા તથા નીલેશ બુચે વડોદરા ખાતે જી.એચ.સી.એલ.માં બઢતીમેળવી.

❁ **જામનગર** : શ્રી નાગર મંડળ તરફથી માગસર માસ નિમિત્તે તા. ૩૦/૧૨ના રોજ શ્રીમતી ઉર્મિબેન આનંદભાઈ મહેતાના નિવાસસ્થાને નવ રાગમાં હનુમાનચાલીસાનું નવવખતનું ગાન કરવામાં આવેલ.

❁ અત્રેના શ્રી મંડળની પ્રથમ મીટીંગ શ્રીમતી સોનલ નાણાવટીના માર્ગદર્શન નીચે યોજાય ગઈ. જેમાં રાંધેલા ભાત માંથી ખારી વાનગી તથા નેટવાળી સાડીની હરિફાઈ યોજવામાં આવેલ.

❁ શ્રીમતી સોનલ નાણાવટી ડીલાઈટ કલબના વર્ષ ૨૦૧૨ના 'એન્કર' તરીકે પસંદ થયાં.

❁ **જામખંભાળીયા** : અત્રે વર્ષોથી નાગરપાડામાં વસતા શ્રી હરિહરભાઈ એન. મારૂને ૭૫ વર્ષ પૂર્ણ કરતાં પરિવારજનો તરફથી તા. ૧૭/૧૨ના રોજ ભૂતની વાડી ખાતે કુટુંબમેળાનું આયોજન કરવામાં આવ્યું. મુ. હરીહરભાઈએ રાજકોટ, અમદાવાદ, મુંબઈ, ભાવનગર, જામનગર શહેરોમાંથી આવેલ સગા સંબંધીઓની ઉપસ્થિતિમાં કેક કાપી હતી. સૌએ તેઓને સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી. હતી. સંયુકત કુટુંબના પ્રેમભાવનો પ્રત્યક્ષ અહેસાસ કર્યો. ૧૦૦ જેટલા પરિજનોએ પ્રસાદ ભોજનનો પણ લાભ લીધેલ.કાર્યક્રમનુંસંચાલન કાર્તિકભાઈ બુચે સંભાળેલ.

❁ **ભાવનગર** :અત્રેની પ્રતિષ્ઠીત કંપની એકસલ ક્રોપકેર દ્વારા આયોજીત એકસલ એકસપ્રેશન- ૨૦૧૧માં એમ. જે. કોલેજમાં અભ્યાસ કરતા આર્ષ અક્ષયભાઈ વૈદ્યએ ભાગ લઈ ગ્રુપ ડીસ્કશનમાં પ્રથમ અને સામાન્ય

જ્ઞાનમાં બીજો ક્રમ મેળવી કોજેને-કુટુંબને ગૌરવ બક્ષ્યું.

❀ શ્રી પરિમલ આર. મહેતા સપરિવાર મુંબઈ સાથે નાસિક, ત્રંબક, શીરડી, સાપુતારાના પ્રવાસે જઈ આવ્યા.

❀ જ્ઞાતિની વાડી શ્રી હરિનાગર નિવાસ ખાતે ટેલીફોન સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે...જ્ઞાતિજનો વિના મૂલ્યે અમર્યાદિત ઉપયોગ કરી શકે છે.ફોન નં. ૦૨૭૮-૨૪૨૨૫૨૫ છે.

❀ **સિહોર :** દેવાંશુ દેસાઈએ અમદાવાદ ખાતેથી એમ.ફીલ.માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ કેલીફોર્નિયા સધર્ન યુનિ.માં 'ડોકટરેટ' માટે પ્રવેશ મેળવ્યો.

❀ **મહુવા :** અત્રેના શ્રી હરેશ નટુભાઈ મહેતાએ વહીવટી સૂઝ અને અનુભવના આધારે શ્રી જે. પી. પારેખ હાઈસ્કૂલમાં હેડકલાર્ક તરીકે બઢતી મેળવી.

❀ શ્રીમતી નિમીષા અતુલકુમાર મહેતા અત્રેની 'હોલી ફેમિલી સ્કૂલ'માં મદદનીશ શિક્ષીકા તરીકે જોડાયાં. તેણી શ્રી અક્ષર ચેરિટેબલ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી તરીકેની જવાબદારી પણ સંભાળી રહયાં છે.

❀ અત્રેની શ્રી જે. પી. પારેખ હાઈસ્કૂલમાં કચેરી અધિક્ષક તરીકે ફરજ બજાવતા ભાવનગરના શ્રી કિરીટભાઈ મહેતા ભાવનગર જિલ્લા બિનસરકારી શાળાઓના વહીવટી કર્મચારી સંઘના ઉપપ્રમુખ પદે વરણી કરવામાં આવી.

❀ શ્રીમતી અર્ચનાબેન દેસાઈના નેતૃત્વ હેઠળ મહિલા મંડળે પરમા વાર્ષિક દિનની ઉજવણી કરી.

❀ **અમરેલી :** ચિ. ખુશી પરેશ વસાવડા (ધો.૬)એ સેન્ટમેરી સ્કૂલ દ્વારા યોજાયેલ ટ્રેડીશનલ ડ્રેસ હરીફાઈ, ગરબા હરીફાઈ, દાંડીયા શણગાર સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું.

❀ **અમદાવાદ :** અત્રે ગરીબ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપી રહેલ શ્રી દિપક-મંજરી બુચ (દાદા દાદીની વિદ્યાપરબ-૯૪૨૭૬૧૬૫૧૧) દ્વારા ગાંધનગર સ્થિત મુ. કલાબેન બુચના સૌજન્યથી ૫૦ વિદ્યાર્થીઓને ગાંધીનગરના 'વોટર શો'ના નિદર્શન કરાવવામાં આવ્યું. જેની પ્રવેશ ફી વ્યકિત દીઠ રૂા. ૭૫ છે. અંતમાં દરેક બાળકોને અલ્પાહાર પણ કરાવેલ.

❀ નિરજા ભૂષણભાઈ મજમુદાર એમ.એસના ઉચ્ચ અભ્યાસાર્થે અમેરીકા ગયા.

❀ અત્રે યોજાયેલ 'શાંતિ એશિયાટીક ઈન્ટર સ્કૂલ ચેસ ટુર્નામેન્ટ'માં અંડર-૧૧ વયજૂથમાં ધ્રુવ-નિલાંગ-મૈત્રી અંજારીયા ચેમ્પીયન થયા.

❀ **ગાંધીનગર :** શ્રી મયુરભાઈ દેસાઈ અત્રેથી જીએસઈસીએલ માંથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં ટીએમડી વિભાગ-રના કર્મચારીગણ તરફથી મોમેન્ટો,ભોજન સમારંભ સાથે વિદાય સમારંભ યોજવામાં આવેલ. આ ઉપરાંત અત્રેના નાગર મંડળ દ્વારા પણ તેઓ વડોદરા સ્થાયી થતા હોઇ દંપતીનું શાલ ઓઢાડી સન્માન સાથે વિદાય આપવામાં આવી હતી.

❀ શ્રી મયુરભાઈ દેસાઈ કૂળદેવી તુળજાભવાની માતાના મૂળ સ્થાનક સાથે અકકલકોટ, પંઢરપુર જઈ આવ્યા.

❀ **વડોદરા :** અત્રેના કુ. ઘટના વિરલ છાયા (ધો. ૬) વોલીબોલ ટુર્નામેન્ટમાં રાજ્યકક્ષાએ પસંદગી પામી કેરાલા રમવા જઈ આવ્યા બાદ સુરત ખાતે સદ્‌ભાવના મીશનમાં હાજરી આપી આવ્યાં.

❀ ઈ-ટીવી ગુજરાતી ઉપર તા. ૨૧/૨ના રોજ સાંજે ૬:૩૦ થી ૭ દરમ્યાન અત્રેનાં શ્રીમતી ફાલ્ગુની

સંજય સ્વાદીયા તથા શ્રીમતી ભાવના હીતેષ બુચ રેસીપી એપીસોડમાં ભાગ લેશે.

❁ મૂળ રાજકોટના શ્રી અતુલભાઈ ઘનશ્યામભાઈ વૈશ્નવ બેંક ઓફ બરોડામાં ૩૯ વર્ષની દીર્ઘકાલીન સાથે સંન્નિષ્ઠ ફરજ બજાવી ચીફ મેનેજરના ઉચ્ચ હોદા સાથે નિવૃત્ત થયા. 'કોર બેંકીંગ' સેવાના શરૂઆતના તબકકામાં તેઓએ અનેરૂં પ્રદાન આપેલ. તેઓનું જનરલ મેનેજરની ઉપસ્થિતિમાં ચાંદીના મોમેન્ટો તથા અન્ય ભેટસોગાદ સાથે અનન્ય સન્માન સાથે ભાવભર્યું વિદાયમાન આપવામાં આવ્યું. રાજકોટ ખાતે સ્થાયી થયેલ અતુલભાઈ અગાઉની જેમ ફરી સેવાકાર્યોમાં પ્રવૃત્ત થાય અને નિવૃત્ત જીવન સુખમય નીવડે તેવી શુભકામના.

❁ તા. ૧૦/૧૧ના રોજ શ્રીમતી પ્રેરણાબેન અ. વૈશ્નવ દ્વારા અતુલભાઈની ષષ્ઠીપૂર્તિની ૬ જોડકાં બાળ કોના હસ્તે કેક કપાવી વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી.



⬅ **વલસાડ :** અત્રેની અતુલ લી. ની અતુલ વિદ્યાલયનો વાર્ષિક રમતોત્સવ વિશ્વ ચેસ ચેમ્પીયન વિશ્વનાથ આનંદની ઉપસ્થિતિમાં ઉજવાતાં તેમની સાથે ચેસ રમવા ૨૦ બાળકોની પસંદગી કરવામાં આવેલ.જેમાં ચિ. કવન ઋત્વિજ વૈશ્નવનો પણ સમાવેશ થતાં 'ચેસ જગતના વિશ્વનાથ' સાથે ચેસ રમી ચિ. કવને પોતાની આવડત બતાવી માર્ગદર્શન મેળવ્યું.

## સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ટ્રસ્ટ, રાજકોટ

રાજકોટના સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે લોઅર કે.જી. થી ધોરણ– ૧૨ના તેજસ્વી તારકો તથા વિકલાંગ બાળકોને પારિતોષીક આપવાનો કાર્યક્રમ તા. ૨૫ ડીસેમ્બરના રોજ નાગર બોર્ડીંગનો હોલ નાનો પડયો તેવી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દેવાંગભાઈ માંકડના અતિથિવિશેષ પદે યોજાય ગયો. તેઓએ પ્રાસંગિક સંબોધનમાં બાળકોને વધુ મહેનત કરી આઈપીએસ,આઈએએસ માટે તજજ્ઞો પાસેથી માહિતી મેળવવાની તથા સ્વતંત્ર ઉદ્યોગ–ધંધો શરૂ કરવાની સલાહ આપી. સંસ્થાના પ્રમુખશ્રી મકરન્દભાઈએ સંસ્થાનો પરિચય આપી અનુદાન આપવા અપીલ કરી. બાદમાં પારિતોષીકોનું વિતરણ કરવામાં આવેલ.

સર્વશ્રી હરિહરભાઈ મારૂ, કિરીટભાઈ હાથી, મધુકરભાઈ વૈશ્નવ, નલીનભાઈ વૈદ્ય તથા કામીનીબેન ઝાલા (બધા ૭૦ કે ઉપરની વયના) તેમજ જલેન્દુ જોષીપુરાની જહેમતથી આયોજન સફળ બની રહેલ.

(પાથરણા પાથરવાથી માંડી ઉપાડવા સુધીની કામગીરી વડીલ સેવકોએ જ કરવી પડે તેવી સ્થિતિની નોંધ પણ લેવી પડે જ...દરેક શહેરમાં આ સ્થિતિમાં જ્ઞાતિની આવી અનેકવિધ પ્રોત્સાહક પ્રવૃત્તિઓ શું આવા ગણ્યાગાંઠયા સેવાભાવી વડીલો હશે ત્યાં સુધી જ ચાલશે ? જ્ઞાતિમાં યુવાવર્ગ સુકાન –સેવા–સંભાળવા તૈયાર નથી અને દેશમાં બુઢ્ઢાઓ સુકાન –ખુરશી –છોડવા તૈયાર નથી.!! બંને દશા–અવદશામાં આપણે જ જવાબદાર છીએને ? જ્ઞાતિના દરેક કાર્યક્રમો આપણા માટેજ થાય છે તેવી જ્ઞાતિભાવના કેળવીએ તો ?...)

### <u>ઈ–મેઈલથી સમાચારો મોકલનારાઓ નોંધ લેશો...</u>

– 'નેટ યુઝર્સ'નું પ્રમાણ વધતાં ઈ–મેઈલનું પ્રમાણ વધી રહયું છે...ત્યારે ઇ–મેઈલથી સમાચારો માટે Subjectમાં News for kkb or barchhi કે Add. Change વગેરે જે તે...લખવા વિનંતી જેથી તે મેઈલ જોવામાં અગ્રતા આપી શકાય. અગાઉ જણાવ્યા મુજબ પત્રોના સમાચારોને વધુ અગ્રતા આપવામાં આવશે જ. – સુવાકયો : કોકિલા જગદીશ બુચ, રાજકોટ.

– આ વખતે સમાચારોના ધસમસતા પ્રવાહને કારણે યોજાય ગયેલા કાર્યક્રમના અહેવાલ, ઘણા સમાચારો, લ. વિ. જાહેરાતોનો સમાવેશ કરી શકાયેલ નથી...દરગુજર સાથે આવતા અંકમાં અગ્રતા અપાશે. –તંત્રી.

# -:-:- મંગલ મેરેજ બ્યુરો -:-:-

ફોનઃ- ૦૨૮૧ ૨૫૭૦૬૮૧ (મો) ૦૯૪૨૮૭૦૧૧૩૬
સમય :- ૧૧ થી ૧, સાંજે ૫ થી ૭

**"એક ફોન બદલી શકે છે આપની જિંદગી"**

**નીચે આપેલ યુવકો ની વિગતો માટે સમકક્ષ કન્યા આવકાર્ય**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઓગષ્ટ ૮૮, | ડીપ્લોમાં ઈલે.એન્જી. ડીગ્રી એજયુ. ચાલુ છે. | સૌરાષ્ટ્ર |
| ૨ | જુન ૮૬, | બી.ઈ. સીવીલ, ઉંચાઈ ૫'.૬" | સૌરાષ્ટ્ર |
| ૩ | જુલાઈ ૮૬, | બી.ઈ.(ઈ.સી.) એમ. બી. એ. , ઉં. ૬ ફુટ મંગળ | કર્ણાટક |
| ૪ | ઓગષ્ટ ૮૬, | કોમ્પ્યુ એન્જી.,કોર્પોરેશન કંપનીમાં જોબ, ઉ.૫'.૫" | મહારાષ્ટ્ર |
| ૫ | માર્ચ ૮૫, | બી.ઈ. (મીકેનીકલ) એમ બી એ, ઉ.૫'.૭" | કર્ણાટક |
| ૬ | ઓગષ્ટ ૮૪, | કોમ્પ્યુ એન્જી. ગર્વમેન્ટ જોબ (બંન્ને કુંડળીઓ ચાલે) | સૌરાષ્ટ્ર |
| ૭ | ઓકટોબર ૮૪, | મીકે. એન્જી. કોર્પોરેશનમાં જોબ, | ગુજરાત |
| ૮ | ઓકટોબર ૮૪, | એમ.બી.બી.એસ., (ડોકટર) એમ. ડી. અભ્યાસ ચાલુ, | સૌરાષ્ટ્ર |
| ૯ | ડિસેમ્બર ૮૪, | એલએલ. બી , એલ એમ એમ ,ઉ.૫'.૪", | ગુજરાત |
| ૧૦ | સપ્ટેમ્બર ૮૩, | બી.ઈ. (મીકેનીકલ) એમ.બી.એ., ઉ.૫'.૧૦", | ગુજરાત |
| ૧૧ | ડિસેમ્બર ૮૨ | (સગપણ ફોક) બી.એસસી., એમબીએ, | ગુજરાત |
| ૧૨ | જુલાઈ ૮૨ | (સગપણ ફોક) એમ. ટેક. , | ગુજરાત |
| ૧૩ | જુલાઈ ૮૧, | બી. સી.એ. ,એમઆઈટી, ..૫'.૫" | ગુજરાત |
| ૧૪ | માર્ચ ૮૦, | સી.એ. (પોતાની ફર્મ) | સૌરાષ્ટ્ર |

**NRI – તાત્કાલિક કરવાનું છે.**

| | | | |
|---|---|---|---|
| ૧ | માર્ચ ૮૪, | કોમ્પ્યુ એન્જી. એમ એસ, ચોખ્ખા ગ્રહ | અમેરીકા |
| ૨ | ઓગષ્ટ ૮૩, | કોમ્પ્યુ એન્જી. ઓટોમેશન રોબોટીક એન્જી. એમ. એસ., | અમેરીકા |
| ૩ | જુલાઈ ૮૪, | બીઈ,એમ.એસ., ઉ.૫'.૧૦" મંગળ, | ટેકસાસ |

**ખાસ નોંધ** : આપની કન્યા રત્ન માટે નીચેના Mail ID પર બાયોડેટા મોકલી શકો છો.
**ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

-: સગાઈના હાર્દિક અભિનંદન :-

૧ તેજલ હરેશભાઈ મારૂ

૨ સ્પંદન મધુકરભાઈ બુચ

**કલેશથી મેળવેલા આનંદ કરતાં ટેસ થી ત્યજી દીધેલાનો આનંદ અલૌકિક અને ચિરંજીવ હશે.**

## ડીસ્ટ્રીકટ જજ તરીકે નિયુક્ત થતા શ્રી આશિષ ઓઝા



શ્રી ધનંજયભાઈ બાબુભાઈ ઓઝા અને શ્રીમતી પૂર્ણિમાબેન ઓઝાના પુત્ર શ્રી આશિષ ઓઝાની રાજ્ય સરકાર દ્વારા ગોધરા ખાતે એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તરીકે નિયુક્તી કરવામાં આવી છે. તેઓએ અમદાવાદ ખાતે ૧૪ વર્ષ હાઈકોર્ટમાં એડવોકેટ તરીકે પ્રેકટીશ કરી કાયદાશાસ્ત્રના બહોળા અનુભવ અને પ્રશંસનીય કામગીરી બજાવ્યા બાદ આ મુકામ હાંસલ કરેલ છે. ભારતાના ન્યાયતંત્ર પર વિશ્વાસ અકબંધ છે.પ્રામાણિકતા માટે નાગર જ્ઞાતિ પંકાયેલ છે બંનેના સુભગ સંગમ સાથે આશિષભાઈને પ્રગતિની શુભકામના સાથે અભિનંદન પાઠવીએ.

## ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ.માં પ્રથમ સ્થાને કુ. ધૈર્યા માંકડ



ગુજરાત યુનિવર્સિટીના તા. ૨૨-૧૨-૨૦૧૧ ના રોજ યોજાયેલ ૬૦ માં પદવી સમારંભમાં કુ. ધૈર્યા ભગીરથભાઈ માંકડે એમ. એ. (સંસ્કૃત) માં યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી ત્રણ 'સુવર્ણ ચંદ્રક' મેળવ્યા. આ પહેલા બી.એ.માં પણ (સંસ્કૃત) યુનિ. પ્રથમ આવીને ૩ "સુવર્ણ ચંદ્રક" મેળવેલ. કુ. ધૈર્યાએ શાસ્ત્રીય સંગીતમાં ૧૬ વર્ષની વયે વિશારદ 'વિશેષ યોગ્યતા' સાથે ઉર્તીણ કરેલ. તેણીને ૧૩ થી ૨૦ વર્ષ સુધી સીસીઆરટી તરફથી રાષ્ટ્રીય શિષ્યવૃતિ મળેલ છે. તેણીએ શાસ્ત્રીય સંગીતની રાજયકક્ષાની અનેક સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ ઈનામ મેળવેલ છે.

## સ્ત્રી સશકિતકરણનું દ્રષ્ટાંત પ્રા. ચેતના વસાવડા-પી.એચડી. થયાં



પ્રા. ચેતના દુષ્યંતકુમાર વસાવડા (સુબુદ્ધિબેન ઘનશ્યામભાઈ દેસાઈનાં પુત્રી) અને (ઉર્મિલાબેન જનકરાય વસાવડાનાં પુત્રવધૂ)એ ગુજરાતી વિષયમાં "કવિશ્રી સુંદરમ, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, અનિલ જોષી, રમેશ પારેખ અને વિનોદ જોષીની ગીત-રચનાનો સમીક્ષાત્મક અભ્યાસ" જેવા સાહિત્યીક વિષય પર મહાનિબંધ વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુવિર્સિટીએ માન્ય રાખી તેઓને પી.એચડી.ની પદવી એનાયત કરી.

સુરતની પ્રતિષ્ઠિત કોમર્સ કોલેજના ઉપાચાર્ય પ્રાધ્યાપક દુષ્યન્તકુમાર વસાવડાના પત્ની ચેતનાબેન વસાવડાએ લગ્નજીવનના ૧૮ વર્ષ બાદ એમ. એ. ના અભ્યાસથી ફરીથી અભ્યાસ શરૂ કર્યો ત્યારબાદ મહિલા કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયાં અને બાદમાં એમ.ફીલ. અને પીએચડીની પદવી પ્રાપ્ત કરી. દરમ્યાનમાં ૩ બાળકો માર્ગી,દેવલ તથા પ્રહર્ષ ને ઉચ્ચ ડીગ્રી મેળવવામાં પ્રેરણાસ્ત્રોત બની રહયાં.

આવાં સ્ત્રી સશકિતકરણના પ્રત્યક્ષ ઉતમ દ્રષ્ટાંતસમા ચેતનાબેનને અભિનંદન.

## શ્રી કિશોરચંદ્ર વસાવડા કૃષિ યુનિ.માંથી નિવૃત્ત થયા

જૂનાગઢના શ્રી કિશોરચંદ્ર (રાઘુ) રજનીકાંત વસાવડા ૧૯૭૩માં કૃષિ યુનિવર્સિટીમાં જોડાયા, હેડકલાર્કથી સંશોધક વૈજ્ઞાનિક તરીકે બઢતી મેળવતા ગયા અને મહુવા ખાતેથી ૩૭ વર્ષની દાગરહીત ફરજ બજાવી તા. ૩૧/૧૨/૧૨ના રોજ સેવાનિવૃત્ત થયા. આ નિમિત્તે કૃષિ યુનિ.ના ઉપકુલપતિ, પ્રિન્સીપાલ તથા કર્મચારીગણની ઉપસ્થિતિમાં વિદાય સમારંભ યોજવામાં આવેલ.

તેઓ અનેકવિધ જ્ઞાતિ અને સામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહયા...જેવી કે યુનીયન સેવા, કર્મચારી ભંડોળ યોજના,કૃષિ યુનિવર્સિટીમાં યુનીટ સહકારી મંડળીમાં કારોબારી સભ્ય થી પ્રમુખ જેવા હોદા સાથે ૨૫ વર્ષ સુધી સેવા આપી. જ્ઞાતિની નરસિંહ મહેતા ચોરા સમિતિ, શ્રી હાટકેશ ભ્રાતૃ મંડળમાં મંત્રી અને પ્રમુખ તરીકે ૧૨ વર્ષ સેવા આપી. સ્વ. પથુભાઈ-સ્વ. તનુબેન સ્થાપિત આરાસુર ગરબા મંડળમાં નાની ઉંમરથી તેઓના પિતા જેઓ આજે ૯૬ વર્ષના છે તેમની સાથે જતા જે આજ પર્યંત ચાલુ છે અને હાલમાં આ મંડળ ૭૫ વર્ષ પૂરાં કરે છે તેનું પ્રમુખ તરીકે સુંદર રીતે સંચાલન કરી રહયા છે. નિવૃત્ત જીવન ફરી સેવાકાર્યોથી નવજીવન બની રહે તેવી શુભકામના.

**વ્યકિતત્વ સાથે જન્મવું એ મા-બાપ તરફથી મળેલી ભેટ છે પણ વ્યકિતત્વ સાથે જીવવું તે આપણા તરફથી મા-બાપને ભેટ છે.**

# શ્રી કચ્છ સૌરાષ્ટ્ર નાગર મંડળ, અમદાવાદ

શ્રી ક. સૌ. વ.નાગર મંડળ અમદાવાદના ઉપક્રમે નૂતન વર્ષનું સ્નેહ સંમેલન તા. ૫/૧૧ના રોજ આંબાવાડીના ભૂદરપુરા સાંસ્કૃતિક પ્લોટ ખાતે ગુજરાત રાજ્યના નિવૃત્ત એડી. ચીફ સેક્રેટરી તથા સરદાર સરોવરના માજી અધ્યક્ષશ્રી વિનાયકભાઈ બુચના અતિથિવિશેષ પદે યોજાય ગયું. જેમાં ૯૦૦ જેટલી વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ. પ્રાર્થના બાદ પ્રમુખશ્રી નીલકંઠભાઈ ધોળકિયાએ સર્વેને આવકારી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. અતિથિવિશેષનું અભિવાદન શ્રી રઘુવીર ખારોડે કર્યા બાદ શ્રી પદમીનભાઈ બુચે વિનાયકભાઈનો વિવિધક્ષેત્રની સિદ્ધિઓની ઝાંખી સાથે પરિચય આપ્યો હતો. ડો. જયંતભાઈ વસાવડાએ મંડળની પ્રગતિનો ચિતાર આપ્યો હતો.

સ્નેહસંમેલનનો મુખ્ય કાર્યક્રમ હતો..સ્વ. ચંદ્રકાન્ત બક્ષી જ્ઞાતિ ગૌરવ એવોર્ડ અર્પણવિધિનો. જાણીતા આંખના સર્જન ડો. અભયભાઈ વસાવડાને આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ મંડળ તરફથી શ્રી વિનાયકભાઈના હસ્તે સન્માનપત્ર તથા બુકે આપવામાં આવ્યા બાદ શ્રી પદમીનભાઈએ ડો. અભયભાઈની યશગાથા વર્ણવી હતી. અમેરીકાથી ટ્રસ્ટીશ્રી મહેશભાઈ વસાવડાએ મોકલેલ સંદેશામાં જણાવેલ કે ડો.અભયભાઈ ultimate gentleman, a gifted surgeon, researcher, teacher and a man of integrity તરીકે ઓળખે છે.

શ્રી મંડળની પરંપરા મુજબ પ્રેરણારૂપ સિદ્ધિપ્રાપ્ત વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા તથા અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓને વિવિધ પારિતોષીક ફંડમાંથી પારિતોષીકો આપવામાં આવ્યાં હતાં.તા. ૧૫-૧૬ ઓકટોબરના રોજ યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ પદેથી સંબોધતાં શ્રી વિનાયકભાઈએ અનેક સિદ્ધિઓ બદલ વિજેતાઓને અભિનંદન આપતાં આપણી પ્રાચીન નાગરી સંસ્કૃતિના જતન સાથે યુવાનોને નવી ટેકનોલોજીને અપનાવવા અનુરોધ કર્યો હતો.

અત્રે યોજાયેલ રંગોળી સ્પર્ધામાં ૧૬ સ્પર્ધકોએ પોતાની કલાકૃતિ રજૂ કરી જેને વિશાળ જ્ઞાતિ સમુદાયે નિહાળી આનંદ માણ્યો. સુરત એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા વડોદરાના નિહાર દેસાઈએ અમેરીકામાં કરેલા પેરેશૂટ જંપીંગના પોતાના અનુભવો જ્ઞાતિજનો સમક્ષ વર્ણવ્યા હતા.

મંડળની પ્રવૃત્તિઓ અને કાર્યકરોની નિષ્ઠાને બિરદાવતા હોય તેમ આ પ્રસંગે અનુદાનનો પ્રવાહ વહેતો જ રહેલ...શ્રી બંકીમભાઈ બક્ષી તથા જતીનભાઈ ઢેબર તરફથી ૫૦-૫૦ હજાર જેવી માતબર રકમનું અનુદાન મળ્યું.

સમગ્ર કાર્યક્રમનું આગવી શૈલીમાં સંચાલન શ્રીમતી અનીતા બુચે કર્યું હતું. મંડળના ઉપપ્રમુખશ્રી જનાર્દનભાઈ બુચે આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમના આયોજનમાં શ્રી અતુલભાઈ કિકાણી, ટ્રસ્ટી તથા સહમંત્રી શ્રી અમિત દેસાઈ તથા કલાપી વૈશ્નવની સેવા નોંધનીય રહી હતી.

અંતમાં બહુવિધલક્ષી રસાળ કાર્યક્રમના અંતે સૌ ઉંધીયા, પુરી જલેબીના ભોજનનો રસાસ્વાદ લઈ વિખરાયેલ.

*(કાર્યકરોમાં જ્ઞાતિ માટે ભેખ ધરવાની તમન્ના અને નિર્લેપભાવ હોય તો જ્ઞાતિજનો પણ તન મન ધનથી વારી જાય છે...અને સંસ્થા અનેકવિધ પ્રવૃત્તિઓ કરવા તત્પર રહી શકે છે જે આવી સંસ્થાઓના આયોજનો પૂરવાર કરે છે. અહેવાલ ટૂંકાવવા છતાં પાનું ફાળવવું પડે છે, માન્ય છેને? ધન્યવાદ સાથે અસ્તુ...!)*

જે મનુષ્ય બીજાનો આધાર શોધે છે તે સત્યરૂપી પરમેશ્વરની સેવા કરી શકે નહીં...વિવેકાનંદ

## કુ. નિશીતા વૈશ્નવ ત્રણે સેમેસ્ટરમાં યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને



રાજકોટ સ્થિત શ્રીમતિ નંદિની તથા વિરલ વૈશ્નવનાં પુત્રી કુ. નિશીતા (શ્રીમતિ દેવયાનીબેન તથા શ્રી અવિનાશભાઈ વૈશ્નવનાં પૌત્રી અને તરલીકાબેન બીપીનભાઈ કિકાણીનાં દોહિત્રી)એ તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.એસ.સી. બાયોઈન્ફોર્મેટીકસના પ્રથમ સેમેસ્ટરમાં યુનિ.માં પ્રથમ સ્થાન મેળવ્યા બાદ બીજાં સેમેસ્ટરમાં ૮૪% તેમજ ત્રીજાં સેમેસ્ટરમાં ૮૧% સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. સતત ત્રણે સેમેસ્ટરમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ તેજસ્વી વિદ્યાર્થીની નિશીતાને અભિનંદન...શુભેચ્છા.

## અ. ભા. નાગર પરિષદ રાજકોટ દ્વારા શારદીય ઉત્સવ

રાજકોટ ખાતે તા. ૧૧-૧૦-૧૧ થી ૬-૧૧-૧૧ સુધી અ.ભા. નાગર પરિષદ દ્વારા અનંતજી વડનગરા નાગર બોર્ડીંગ તેમજ અન્ય સંસ્થાઓના સહકારથી શારદીય મહોત્સવ ઉજવાઈ ગયો. જેના ભાગરૂપે સૌ પ્રથમ તા. ૧૧-૧૦ ના રોજ નાગર બોર્ડીંગ (નવનિર્મિત કમ્પાઉન્ડવોલ સાથે..!!)ના વિશાળ પટાંગણમાં ૧૫૦ જેટલા અબાલ વૃધ્ધોએ શ્રીમતી નિધિ પોટા, જીતુભાઈ વસાવડા, ગુંજન મહેતાના ઓરકેસ્ટ્રાના સંગાથે રાસ-ગરબાનો આનંદ માણ્યો હતો. ૧૬-૧૦ ના રોજ વાનગી હરિફાઈમાં ૭૦ સ્પર્ધકો જોડાયેલ. જયારે રંગોળીમાં ૨૦ તથા મહેંદી સ્પર્ધામાં ૭ સ્પર્ધકોએ ભાગ લીધેલ. દરેકમાં ભાઈઓ બહેનોએ સુંદર કલાસૂઝ બતાવેલ. તા. ૨૩/૧૦ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જ્ઞાતિના નારીવૃંદોએ નાગરી છાંટ સાથેના સૂરતાલમય ગરબાઓ રજૂ કર્યા. ૫ થી ૧૫ વર્ષના બાળકોએ સોલોડાન્સ રજુ કરી પ્રેક્ષકોને ખુશ કર્યા. બાળકોની વેશભુષાએ સૌના મન હરી લીધાં. તા. ૨૪-૧૦ ના રોજ આઈ કયુ ટેસ્ટ, મેમરી ટેસ્ટ, જનરલ નોલેજ, સાડી પરિધાન તેમજ મેદાની રમતગમત સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ જોડાઈને આયોજન સફળ બનાવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમનના સંચાલનની જવાબદારી શ્રી સમીર પોટા અને તેનાં પુત્રી ગાથા પોટા તથા કુ. કોમલ વૈષ્ણવે બખૂબી નિભાવી હતી. જુદા જુદા કાર્યક્રમોમાં શ્રીમતી કૃતિબેન વસાવડા, ક્ષમાબેન વછરાજાની, ખ્યાતીબેન ધોળકિયા, વિભુતિબેન મારૂ, હંસાબેન વસાવડા ,જાહનવી વત્સરાજ, ધૃતિબેન ધોળકિયા, દિપ્તીબેન ભટ, ગીતાબેન મહેતા, લાજોરાણીબેન પંડયા વગેરેએ નિરીક્ષક તથા નિર્ણાયક તરીકે પોતાની સેવા આપી હતી. દરેક સ્પર્ધામાં ૩ વિજેતાઓને સન્માનજન્ય ઈનામો તેમજ દરેક સ્પર્ધકોને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવેલ.

## કુ. ખ્યાતી ચિરંતન પટણી એમ. કોમ. થયાં



હાલમાં વડોદરા સ્થિત મુ. વીણાબેન પટ્ટણીનાં પૌત્રી તેમજ શ્રીમતી મનીષા પટ્ટણી અને ચિરંતન હરિપ્રસાદ પટ્ટણીનાં પુત્રી કુ. ખ્યાતીએ એપ્રિલ ૨૦૧૧માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાથી એમ. કોમ. (બિઝનેસ એડમીનીસ્ટ્રેશન) ખાસ વિષય સાથે ઉર્તીણ થયાં અને ડિસેમ્બર ૨૦૧૧માં એમ. કોમ. ની પદવી મેળવેલ છે. અભિનંદન.

## અમદાવાદ ખાતે યોજાય ગયું....પંદરમુ જીવનસાથી પસંદગી સંમેલન

સમગ્ર ગુજરાત નાગર પરિષદ અમદાવાદના ઉપક્રમે "જીવનસાથી પસંદગી સંમેલન" પંચદશમ તા. ૧-૧-૨૦૧૨ ને રવિવારના રોજ શ્રી સરદાર પટેલ સ્મારક -શાહીબાગ અમદાવાદ ખાતે સંપન્ન થયું. પ્રતિવર્ષ નિયમિત યોજાતા આ સંમેલનને જ્ઞાતિજનો તરફથી સુંદર પ્રતિસાદ સાંપડયો. જેમાં પ્રાંત તથા પરપ્રાંતના લગભગ ૪૪૫ ઉપરાંત યુવક યુવતીઓ સામેલ થયા હતા.

કાર્યક્રમનો શુભારંભ શ્રી મિહિર દેસાઈના મધુર કંઠે દૈવી આરાધનાથી કરવામાં આવ્યો. સંસ્થાના પ્રમુખ શ્રી નરેશ રાજાએ ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કરી, પોતાના ઉદબોધનમાં સંસ્થાના ઉદેશો, તથા કાર્યોનું વિહંગાલોકન કરાવ્યું. સમારંભના અધ્યક્ષ તરીકે ભાગનગરના સામાજીક આગેવાન શ્રી હરકાન્તભાઈ દેસાઈએ શોભાવ્યું. પ્રોવિડન્ટ કમિશ્નરશ્રી દિલીપભાઈ વ્યાસના હસ્તે માહિતી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું. સમયાંતરે અપાતો 'નાગર રત્ન એવોર્ડ' સ્વ. શ્રી પ્રભાશંકર પટ્ટણી (તત્કાલિન દિવાન-ભાવનગર)ને "મરણોતર" અર્પણ કરવામાં આવ્યો. જેમની ૭૫મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેવા આ મહામંડળના ચેરમેનશ્રી અરુણભાઈ બુચને નાગર ગૌરવ સન્માન થી નવાજવામાં આવ્યા. જયારે ગુજરાતના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ના અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ સમારંભના મુખ્ય મહેમાનનું સ્થાન શોભાવ્યું હતું. સંસ્થાના મહામંત્રી શ્રી ધર્મેશ દેસાઈએ હાર્દિક આભારની લાગણી વ્યકત કરી હતી.

ત્યારબાદ આનંદ, ઉત્સાહના મહોલમાં જીવનસાથી પરિચય મેળાનો પ્રારંભ થયો હતો. સંમેલન મુખ્ય સંયોજક શ્રી યોગેશભાઈ મહેતાએ કાર્યક્રમની વિસ્તૃત માહિતીથી બધાને અવગત કર્યા. શિસ્તબધ્ધતાથી યુવક યુવતીઓ ઉત્સાહ અને સ્વેચ્છા થકી ક્રમશઃ મંચ પર આવી સ્વ પરિચય આપ્યો, આ પરિચયમાં હાર્દિક સંકલન સેતુ સાધનાર ઉદ્‌ઘોષક શ્રી મિહિરભાઈ અને શ્રીમતી ભારતીબેન ત્રિવેદીએ પોતાની અલંકૃતવાણી સભર શૈલી થકી તેઓને માર્ગદર્શનથી ઉત્સાહપ્રેરક બનતા હતા. ઉમેદવારો તેમજ વાલીઓના પારિવારિક સહયોગ ખરેખર દાદ માગી લે તેવા હતા. ત્રીજા તબકકમાં ઉમેદવારોના પરસ્પર પસંદગી ક્રમાંક થી પરિચિત કરાવવાના ઉદઘોષકશ્રીઓનો પ્રયાસ પ્રશંસનીય રહયો. તયારબાદ સમારંભનું સમાપન કરવામાં આવ્યું. સતત ૧૫ માં વર્ષે આ કાર્યક્રમના સાચા યશભાગી રહયા એવા મહામંડળના હોદેદારો હતા સર્વશ્રી- જનકભાઈ મહેતા, શ્રી સુભાષ ભટ્ટ(ઉપપ્રમુખશ્રી) શ્રી ઉપેન્દ્ર જાની, બેલાબેન જહા, રન્નાબેન મહારાજા, શ્રીમતી રીટાબેન રાજા, શ્રી નમન રાજા, તેમજ ભાવનગર ,વડોદરા તથા સુરત પ્રાંતના તેમજ પરપ્રાંતના કારોબારીના તમામ હોદેદારો. આમ પંચદશમ જીવનસાથી પસંદગી સંમેલન આનંદ ઉત્સાહ અને ઉત્સવના માહોલમાં સંપન્ન થયું.

## ચિ. હૃદયા કશ્યપે કરાટેમાં સુવર્ણ પદક મેળવ્યો



તાજેતરમાં બાલેવાડી -પૂના ખાતે યોજાયેલ ૩૫માં "ઓલ ઇન્ડિયા ગોજુકાઈ કરાટે-ડો" કોમ્પીટીશનમાં ધો. ૫માં અભ્યાસ કરતાં ચિ. હૃદયા તેજસ કશ્યપ (શ્રી અજીતલાલ ભુજંગીલાલ પારઘીના પૌત્રી અને રાજકોટના શ્રી રસિકલાલ નટરવરલાલ પોટાનાં દોહિત્રી )એ "બ્રાઉન થી બેલ્ટ-કાતા"કોમ્પીટીશનમાં સુવર્ણ પદક હાંસલ કરેલ છે.આ સાથે તેમને વર્ષ ૨૦૧૦-૧૧માં સર્વશ્રેષ્ઠ દેખાવ બદલ કરાટે ખેલ જગતના વર્લ્ડ પ્રેસીડન્ટ યામા ગુચીના હસ્તે ટ્રોફી પણ એનાયત કરવામાં આવી. અભિનંદન. હૃ...દા..આ કરતાં આગળ વધો...શુભેચ્છા.

## સ્વ. દક્ષેશ મહેતાની વિદાય




ભાવનગરના જ્ઞાતિના અગ્રણી શ્રી દક્ષેશ તનસુખલાલ મહેતાનું તાજેતરમાં ૬૬ વર્ષની વયે દેહાવસાન થતાં નિષ્ઠાવાન સેવક અને સારો રમતવીર ગુમાવ્યો છે. દેના બેંકમાં સુદીર્ઘ ફરજ બજાવી નિવૃત્ત થનાર નીડર અને સ્પષ્ટવકતા એવા શ્રી દક્ષેશ મહેતાએ નોકરી દરમ્યાન કર્મચારી મંડળમાં રહી નીડરતાપૂર્વક સચોટ રજૂઆત દ્વારા અનેક પ્રશ્નો ઉકેલ્યા હતા. તેઓ ક્રિકેટના સારા ખેલાડી તથા ટેબલટેનિસના ગણનાપાત્ર ટ્રેઈનર હતા.

દક્ષેશભાઈ પરિવારમાં મૃત્યુને મંગળ માનવામાં આવે છે... દક્ષેષભાઈએ તેમની અંતિમ ઈચ્છા મુજબ ચક્ષુદાન અને દેહદાન કરી સાચા અર્થમાં મૃત્યુને અને અન્યના જીવનને પણ મંગળ -ધન્ય બનાવ્યું!

## "જપન"ને ઉષ્માભરી સ્મરણાંજલી

**જન્મ : ૧૦-૧-૨૦૦૦ અવસાન : ૧૦-૧૨-૧૧**



ચિ. જપન જન્મથી વિકલાંગ પરંતુ માનસિક રીતે બહુ જ બુધ્ધિશાળી અને અભ્યાસ પ્રત્યે અત્યંતક અગ્રક્રમી. તેના ફકત ૧૨ જ વર્ષના ટૂંકા જીવન દરમિયાન તેના ચુંબકીય શકિતશાળી વર્તણુકથી અને નિર્દોષ, સરળ, નિખાલસ અને ઉતમ પ્રકારનું જાદુઈ ચરિત્રને કારણે જે લોકો તેના સંપર્કમાં આવ્યા તેને પ્રભાવિત કર્યા. સગા, સંબંધીઓના હ્રદયમાં તે હમેંશને માટે રહેશે. સોહા (મસ્કત) ખાતે તા. ૧૦/૧૨ ના સંવત ૨૦૬૮ ના માગશર માસની શુકલ પૂર્ણિમા -દત્તજયંતીના પ્રભુપદ માં સમી ગયો,ઈશ્વર તેના આત્માને ચીર શાંતિ આપે તેવી પ્રાર્થના. સદાય તારૂં સ્મરણ કરનારા અમો છીએ...

**જિજ્ઞા, શૈલેષ, માહિર,(માતા-પિતા-ભાઈ) સ્વ. શ્રી અશ્વિનભાઈ અને સ્વ.શ્રીમતીદમયંતીબેન ધોળકિયા (દાદા-દાદી) શ્રી હરેન્દ્રભાઈ અને શ્રીમતી નલીનીબેન ખારોડ(નાના-નાની) અને તમામ પરિવારજનો.**

## અનંતના યાત્રીઓ :

• તુષાર રજનીકાંત નાણાવટીનું ૫૨ વર્ષની વયે રાજકોટ ખાતે.• અ. સૌ. માલિનીબેન હરિવદનભાઈ અંતાણીનું ૭૫ વર્ષની વયે રાજકોટ ખાતે.• ઉષાબેન ઉછરંગરાય ઝાલાનું ૭૮ વર્ષની વયે રાજકોટ ખાતે. • નરેન્દ્રભાઈ ધોળકિયાનું રાજકોટ ખાતે. • રાજેન્દ્રભાઈ શંકરપ્રસાદ છાયાનું ૮૫ વર્ષની વયે રાજકોટ ખાતે. • શ્રીમતી કૌશલ્યાબેન હરસુખભાઈ કચ્છીનું અમદાવાદ ખાતે. ભાલચંદ્રભાઈ(ભલુ) મંછાશંકર વૈશ્નવનું જૂનાગઢ ખાતે. • ગજેન્દ્રરાય મણીરાય રીંડાણીનું ૮૦ વર્ષની વયે વડોદરા ખાતે. • તરૂણભાઈ પ્રવિણલાલ નાણાવટીનું ૮૦ વર્ષની વયે વડોદરા ખાતે. • ભરતભાઈ રસિકચંદ્ર વોરાનું ૬૪ વર્ષની વયે વડોદરા ખાતે.• ચિત્તરંજનભાઈ માર્કંડરાય મહેતાનું રાજકોટ ખાતે. • ગીરીશભાઈ ભોગીલાલ અંજારીયાનું રાજકોટ ખાતે.• સુમનબેન નીલકંઠરાય ઢેબરનું ૯૮ વર્ષની વયે અમદાવાદ ખાતે.• નિરીક્ષા ભરતભાઈ ઓઝાનું ૫૧ વર્ષની વયે રાજકોટ ખાતે. બીપીનભાઈ વેણીભાઈ માંકડનું ૭૭ વર્ષની વયે મુંબઈ ખાતે. • શ્રીમતી ઉષાબેન પ્રિયકાંત છાયા(૭૪)નું જામનગર ખાતે.• ગં. સ્વ. રમણબાળાબેન માર્કંડભાઈ મંકોડીનું જામનગર ખાતે. • હસમુખરાય વસંતરાય અંજારીયાનું ૮૪ વર્ષની વયે વડોદરા ખાતે. • ગં. સ્વ. કૌશલ્યાબેન ઉપેન્દ્રરાય કચ્છીનું જૂનાગઢ ખાતે. • ભાવનગરના ભદ્રજીતભાઇ (ભરતભાઈ) લલીતવદન મહેતાનું ૮૨ વર્ષની વયે વડોદરા ખાતે. • અ. સૌ. સૂચિતાબેન જગદીશભાઈ નાણાવટીનું આણંદ ખાતે.

**સ્વાર્થવૃત્તિનો અભાવ હોય ત્યારે આપણું સર્વોત્તમ કાર્ય પરિપૂર્ણ થાય છે...વિવેકાનંદ**